## છેતરપીંડી વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા ૨૨ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઉત્તરપ્રદેશ ખાતેથી ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સલાબતપુરા પો.સ્ટે.I ગુ.ર.નં.૨૧૫/૧૯૯૭ ઈ.પી.કો. કલમ-૪૦૭,૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોય જે હકીકત એવી રીતેની છે કે, આ કામે પકડાયેલ આરોપી સને-૧૯૯૭ ની સાલમાં સુરત શહેરમાં રહી રીંગરોડ રોહીત એ.સી. માર્કેટ તેમજ સાંઈનાથ માર્કેટમાં પાર્સલ પેકીંગ અને ડીલવરીનો કોન્ટ્રાક્ટ ચલાવતો હતો. તેણે તા.૧૪/૦૮/૧૯૯૭ ના રોજ ક.૧૮/૦૦ થી ક.૨૦/૦૦ દરમ્યાનમાં આ કામના ફરીયાદીશ્રી, નાઓએ તેમજ રોહીત એ.સી. માર્કેટમાં આવેલ બીજા વેપારીઓની દુકાનોમાંથી સાડીના પાર્સલ નંગ-૨૦, કિ.રૂ.૦૨,૩૩,૮૦૬/-ના મત્તાની સાડીઓ ડીલવરી કરવા સારૂ આપેલ હતી જે સાડીઓ આરોપીએ સગેવગે કરી નાંખી તેના નાણા ઉભા કરી લઈ ફરી.શ્રી તેમજ વેપારીઓ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી નાસી ગયેલ હતો. સદર આરોપી સદર મુખ્ય આરોપી ત્યારબાદ આજદિન સુધી સુરત શહેરમાં આવેલ ન હતો તેમજ પોતાના વતનમાં આજુબાજુમાં શહેરોમાં મજુરીકામ કરતો હતો. અને પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા રીઢા ગુનેગારોને સત્વરે પકડી પાડવા અલગ અલગ પોલીસ માણસોની ટીમની રચના કરી વોન્ટેડ આરોપીઓને પકડી પાડવાની કામગીરી. દરમ્યાન ક્રાઈમ બ્રાન્યના પો.સ.ઈ.શ્રી,પી.કે.પટેલ નાઓની ટીમના હે.કો.શૈલેષ રાઘેબિહારી અને પો.કો.મનોજ તુકારામનાઓને મળેલ હકીકત આધારે આરોપીના વતનમાં ઉત્તરપ્રદેશ જી.ગૌન્ડામાં આવેલ મોહનપુર ગામ ખાતેથી તપાસ કરાવતા તે ત્યાં રહી ખેતીકામ કરતો હોવાનુ જણાય આવેલ હતુ જેથી પોલીસ માણસોની ટીમ ઉત્તરપ્રદેશ ખાતે જઈ આરોપીને તેના વતનથી મળેલ બાતમી આધારે આરોપીને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.